ફો. કે. નં. **37152/2020**

**–:: <u>આંક–૧ નીચે હુકમ</u> ::–**

ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ સામેનું હાલનું ચાર્જશીટ જુગારધારા કલમ ૧૨ મુજબ ના ગુનાના સબંધે કરેલ છે અને આરોપી સામેનો કેસ સમરી/સમન્સ ટ્રાયેબલ પ્રકારનો છે. આ ચાર્જશીટ દાખલ થયા બાદ હાલના કામે આરોપી નં. 1, 2, 3, 5 નાઓએ કોર્ટ સમક્ષ હાજર રહી ગુનો કબુલ કરેલ છે. ત્યારબાદ આ કામના અન્ય આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવા છતા તેઓને હાજર રાખવામાં પોલીસ/પ્રોસેસ સર્વિગ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. નામદાર હાઈકોર્ટની સૂચના મુજબ અત્રેની કોર્ટમાં પેન્ડીન્ગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો, તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીન્સ માટે તેમજ સી.આર.પી.સી. ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીન્ગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ.

આજ રોજ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ હાલના કામના આરોપીઓને હાજર રાખવામાં આવેલ નથી. તદઉપરાંત તેઓને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપીઓ સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીઓ ને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપીઓ મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપીઓ વિરૂદધ ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય, સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે આ કામના આરોપી નં. 4 સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામે ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને સી.આર.પી.સી.ની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૯/૨૦૨૪

(વી.આર.ચૌધરી)
૨૨માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭, અમદાવાદ.